INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

તા. ૨૯-૯-૨૦૨૫

પ્રતિ,

માનનીય મુખ્યમંત્રીશ્રી,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**વિષયઃ સુરત શહેરના બેરોજગાર રત્નકલાકારોની આર્થિક સહાય પેકેજ યોજનાના ૨૬૦૦૦ લાભાર્થીઓની અરજી ફોર્મ રદ થવા અંગે.**

માનનીય સાહેબશ્રી,

ગુજરાત સરકારે બેરોજગાર બનેલા રત્નકલાકારો માટે આર્થિક સહાય પેકેજની જાહેરાત કરી હતી, જે અંતર્ગત રત્નકલાકારોના બાળકોને સ્કૂલ ફી પેટે ૧૩,૫૦૦ રૂપિયા ની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી,તે સંદર્ભે સુરત શહેરમાં કુલ આશરે ૭૬,૦૦૦ જેટલા અરજીફોર્મ ભરાયા હતા, જેમાંથી માત્ર ૫૦,૨૦૦ ફોર્મ જ સ્વીકારવામાં આવ્યા છે અને મળતી માહિતી મુજબ બાકીના આશરે ૨૬,૦૦૦ અરજીફોર્મ બાબતે સરકારશ્રી દ્વારા કોઈ પ્રતિક્રિયા આવી નથી અથવા રદ કરવામા આવેલ છે, આટલી મોટી સંખ્યામા ફોર્મ રદ કરવા તે તપાસનો અને સંવેદનાનો વિષય છે, અને કોઈ નાની મોટી પુર્તતાને કારણે અમાન્ય ગણ્યા હોય તો તે પુર્તતા પાછળથી કે ચુકવણા પહેલા થઈ શકે પરંતુ હાલ હિરાના ધંધામા મંદીનો માહોલ છે, દિવાળી વેકેશનનો સમય છે અને નાના કારખાનાઓ બંધ થવાનો સમય છે ત્યારે અપેક્ષિત રત્નકલાકારો વહીવટી શરતચુક સુધારી, યોગ્ય પુર્તતા કરી અને સંવેદના સાથે તમામને આર્થિક મદદ ચુકવવામા આવે.

આમ રાજ્ય સરકારનો મુખ્ય હેતુ બેરોજગાર રત્નકલાકારોની આર્થિક સ્થિતિમા સાથ આપીને તેના બાળકો શિક્ષણ વંચિત ન રહે તે વિશાળ હેતુ છે, આ હેતુને ધ્યાન રાખીને તમામ અપેક્ષિતોની અરજીને માન્ય રાખી તમામ અપેક્ષિત અરજદારોને આ યોજનાનો લાભ આપવામા આવે તેવી માંગ કરીએ છીએ.

સરકારી દફ્તરે રદ્ થયેલા ૨૬,૦૦૦ અરજીફોર્મની ફેરચકાસણી કરીને જરુરી ઘટતી પુર્તતા કરીને મંજુર કરવમા આવે તેમજ રાજ્ય સરકાર તરફથી સકારાત્મક અભિગમ અપનાવીને દરેક અરજદાર સુધી વહેલામા વહેલીતકે પહોચીને ઘટતા જરૂરી દસ્તાવેજો મેળવીને સાચા હકદાર અરજદાર આ યોજનાના લાભથી વંચિત ન રહે તે ખાસ જોવા રાજ્ય સરકારને વિનંતી છે.

મારી આપ સાહેબને વિનંતી છે કે ત્વરિત આ મુદ્દે ઘટતા હુકમો કરી રદ થયેલા ફોર્મનું પુનઃ પરિક્ષણ કરી યોગ્ય કરવામા આવે.

આભાર

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ